# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119

મધ્યસ્થ કાર્યાલય : ઇસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઇસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : +૯૧ ૭૯ ૪૦૦૯૧૦૦૫

Email : jaymahaparishad@gmail.com • Website : www.lohanamahaparishad.org


| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હિમાંશુ બી. ઠક્કર/પિયુષ જી. ગંઠા |
|---|---|---|
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |

## પ્રેસ નોટ

# શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ હોદ્દેદારોનો વિદેશ પ્રવાસ

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક ડેલિગેશન સાથે તા.૧૬ ડિસેમ્બર થી ૨૦૧૬ થી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ સુધી વિદેશના મહાજનોની મુલાકાત લીધી હતી જેમાં સૌ પ્રથમ ઓમાન ખાતે આવેલા મસ્કત રઘુવંશી પરિવાર દ્વારા આયોજીત સ્નેહમિલન તથા બિઝનેસ મીટમાં મસ્કત ખાતે મુલાકાત લીધી હતી. ત્યારબાદ પૂર્વ આફ્રિકા ખાતે પણ કંપાલા, નૈરોબી, કિસુમુ, મોમ્બાસા, ન્વાન્જા તથા ઝીન્ઝા જેવા મહાજનોના હોદ્દેદારોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ૨૪ ડિસેમ્બર થી ૨૬ ડિસેમ્બર સુધી પૂર્વ આફ્રિકાના તમામ મહાજનોના સંયુક્ત પ્રયાસથી કિસુમુ ખાતે ૩૪મા સ્પોર્ટ્સ અને ક્લચરલ ફેસ્ટિવલનું ભવ્યાતિભવ્ય આયોજન થયું હતું. આ પ્રવાસમાં શ્રી પ્રવિણભાઈ કોટક સાથે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંગઠન) શ્રી નીતીનભાઈ રાયચુરા, ગોવાથી શ્રી મુકેશભાઈ સાગલાણી, સંયુક્ત મંત્રી સુશ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી કે. સી. ઠક્કર, શ્રી હસમુખભાઈ ભગદેવ, સુશ્રી વિભાબેન ઠક્કર તથા અન્ય સભ્યો જોડાયા હતા. ૧૫ દિવસના આ પ્રવાસ દરમિયાન વિદેશમાં જ્ઞાતિશ્રેષ્ઠીઓ અને માતૃસંસ્થાના હોદ્દેદારો વચ્ચે સુંદર સંવાદ થયો હતો. ઓમાન ખાતે શ્રી લોહાણા મહાપરિષદના પી.આર.ઓ. શ્રી જીતુભાઈ તન્ના, પ્રભારી શ્રી દિનેશભાઈ પવાણી તથા શ્રી ચંદ્રકાન્તભાઈ ચોથાણીએ કાર્યક્રમનું સુંદર સંકલન કર્યું હતું. લંડનથી શ્રી રશ્મિભાઈ ચતવાણી, અમેરિકાથી શ્રી સુરુભાઈ માણેક તથા આફ્રિકાથી શ્રી નવીનભાઈ કાનાબારની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કંપાલા ખાતે શ્રી સુધીરભાઈ રૂપારેલિયા, શ્રી સંજયભાઈ અઢિયા તથા શ્રી સંજયભાઈ તન્ના અને અન્ય સાથીઓએ પણ સુંદર વ્યવસ્થા કરી હતી. લુગાવી ખાતે માતૃસંસ્થાના પ્રથમ પ્રમુખ શ્રી નાનજી કાલીદાસ મહેતાના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈ મહેતા સાથેની મુલાકાત પણ યાદગાર બની રહી. કિસુમુ ખાતે શ્રી નવીનભાઈ કાનાબાર, શ્રી ભરતભાઈ ઠક્કર, સુશ્રી કલ્પનાબેન કારિયા, શ્રી જયંતભાઈ બદિયાણી, શ્રી આકાશભાઈ દેવાણી, શ્રી વિનયભાઈ દાવડા, શ્રી આનંદભાઈ ગઢિયા તથા અન્ય હોદ્દેદારો સાથેની મુલાકાત પણ યાદગાર બની રહી હતી. નૈરોબી ખાતે માતૃસંસ્થાના આફ્રિકાના પ્રભારી શ્રી અરૂણભાઈ સામાણી, શ્રી કૌશિકભાઈ માણેક, શ્રી મનુભાઈ ચોટાઈ, શ્રી મેહુલભાઈ સવાણી તથા અન્ય સભ્યો સાથે પણ માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ વિશે વિગતે ચર્ચા થઈ હતી અને સૌ ખુબ પ્રભાવિત થયા હતા. આગામી દિવસોમાં વધુ ને વધુ સેવાકાર્યો થાય તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

- મધ્યસ્થ કાર્યાલય